# હિંમતનગર તાલુકા પંચાયતની લાલીયાવાડી

## જિલ્લા વિકાસ અધિકારીએ ઓચિંતી મુલાકાત લેતા અધિકારીઓ ગેરહાજર જણાયા : તાલુકા વિકાસ અધિકારીને કારણદર્શક નોટીસ પાઠવી ખુલાસો કરવા જણાવાયુ

હિંમતનગર, તા. ૬

હિંમતનગર તાલુકા પંચાયતમાં ગુરૂવારે સરકારી કામ અર્થે ગ્રામ પંચાયોતના તલાટીઓની મીટીંગનું આયોજન કરાયું હતું. જેના ભાગરૂપે તાલુકા પંચાયતના સંલગ્ન વિભાગના અધિકારીઓ ફરજના સમયે હાજર ન જણાતા જિલ્લા વિકાસ અધિકારી ગુસ્સે ભરાયા હતા અને તરત જ તેઓ તાલુકા પંચાયતમાંથી નીકળીને જિલ્લા પંચાયત પહોંચ્યા બાદ તરત જ હિંમતનગર તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારીને કારણદર્શક નોટીસ પાઠવીને ખુલાસો કરવા તાકીદ કરી છે.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠાના જિલ્લા વિકાસ અધિકારી ડૉ. રાજેશ પટેલે હિંમતનગર તાલુકાના ગામડાઓમાં આવેલી ગ્રામપંચાયતોના તલાટીઓની સરકારી કામ અર્થે મીટીંગ બોલાવી હતી. જોકે મીટીંગ બોલાવતા આઉ જિલ્લા વિકાસ અધિકારીએ તાલુકા પંચાયતના અધિકારીઓને હાજર રહેવા માટે અગાઉથી જાણ કરી હતી.

તો બીજી તરફ ગુરૂવારે બપોરના સુમારે મીટીંગમાં તલાટીઓને માર્ગદર્શન આપવાના આશયથી જિલ્લા વિકાસ અધિકારી ડૉ. રાજેશ પટેલ આવી પહોંચ્યા હતા. પરંતુ તાલુકા પંચાયતના વડા ગણાતા તાલુકા વિકાસ અધિકારી એ.જે. રાજપુત તેમની કચેરીમાંથી હાજર ન હતા. જે અંગે ઉપસ્થિત અન્ય કર્મચારીઓ સાથે પૃચ્છા કરી હતી. ત્યારબાદ તેઓ તાબડતોબ જિલ્લા પંચાયત જતા રહ્યા હતા અને તરત જ હિંમતનગર તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારીને કારણદર્શક નોટીસ ફટકારીને નિયત સમયમાં ખુલાસો કરવા તાકીદ કરી હતી.

આ અંગે જિલ્લા વિકાસ અધિકારીએ ટેલીફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે કોઈપણ કચેરીની મુલાકાત લેવી તથા કર્મચારીઓની ગેરહાજરી જણાય તો તેમને નોટીસ આપીને ખુલોસો માગંવાની આ એક વહીવટી પ્રક્રિયાનો ભાગ છે.

# માલગઢના દિવ્યાંગ સાથે બસ ડેપોમાં ઉદ્ધત વર્તન

## દિવ્યાંગે ડીસા ડેપો મેનેજર સમક્ષ લેખિતમાં રોષ ઠાલવ્યો

માલગઢ, તા. ૬

સમગ્ર ગુજરાતમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા દિવ્યાંગો માટે અનેક યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે અને સમગ્ર ગુજરાતના વહીવટીતંત્રને દિવ્યાંગોને કોઈ તકલીફ ન પડે તે હેતુથી તમને મદદરૂપ થવા જરૂરી સુચના આપવામાં આવી છે પરંતુ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી દિવ્યાંગો સાથે અન્યાય થઈ રહ્યો છે.

ખાસ કરીને એસ.ટી. વિભાગ દ્વારા દિવ્યાંગો સાથે અન્યાય કરવામાં આવી રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાતની તમામ એસ.ટી. બસોમાં દિવ્યાંગો માટે અનામત સીટ મુકવામાં આવી છે જે દિવ્યાંગ સીટ ઉપર માત્રને માત્ર દિવ્યાંગ જ બેસી શકે છે પરંતુ એસ.ટી. ઓનલાઈન રિઝર્વેસનમાં દિવ્યાંગ સીટ પર અન્ય મુસારોને ફાળવી દેવામાં આવી છે. જેનાથી દિવ્યાંગો બસમાં નીચે બેસીને મુસાફરી કરવા મજબુર બને છે જે બાબતે દિવ્યાંગ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પાલનપુર જિલ્લા કલેક્ટરને રજુઆત કરવામાં આવી હતી. જેના પગલે જિલ્લા કલેક્ટર દ્વારા તાત્કાલિક બનાસકાંઠા એસ.ટી. ડીવીજન સાથે ચર્ચા કરીને કડક સુચના આપવામાં આવી હતી અને દિવ્યાંગોને ગુજરાત એસ.ટી.માં મુસાફરી દરમિયાન કોઈપણ પ્રકારની તકલીફો ના પડે જેની તકેદારી રાખવા કડક સુચન કરવામાં આવ્યું હતું.



પરંતુ ફરીથી બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસાના એસ.ટી. ડેપોમાં માલગઢ ગામના દિવ્યાંગ વિક્રમભાઈ માળી જેઓ ૯૦ ટકા દિવ્યાંગતા ધરાવે છે જેઓને ભાભર જવાનું હોઈ ડીસા-ભાભર બસમાં જવા માટે પોતાના ભાઈની રીક્ષામાં બેસીને ડીસા એસ.ટી. ડેપોમાં આવ્યા હતા જે દરમિયાન ડેપોમાં ફરજ બજાવતા વોચમેન તથા અન્ય એક શખ્સે દિવ્યાંગ વિક્રમભાઈ માળી સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી અને રીક્ષા એસ.ટી. કમ્પાઉન્ડમાં કેમ લાવ્યા ? તેમ કહી હેરાનપરેશાન કરીને અપમાનિત શબ્દો બોલ્યા હતા તેમજ રીક્ષા પકડીને બેસાડી રાખ્યા હતા. જ્યારે દિવ્યાંગ વિક્રમભાઈ માળી દ્વારા પોતે દિવ્યાંગ છે જેથી ચાલી ન શકતો હોવાથી એસ.ટી. કમ્પાઉન્ડમાં રીક્ષા લાવીને ભાભર બસમાં બેસવાનું છે પરંતુ હાજર વોચમેન તથા તેની સાથે અન્ય એક ફોલ્ડર દ્વારા દિવ્યાંગને ગાળાગાળી કરીને અપમાનિત કર્યા હતા અને બેસાડી રાખતા ભાભર બસ પણ નીકળી જતા તેમને ભાભર જવા માટે મુશ્કેલી ઉભી થઈ હતી અને ના છુટકે ફરી રીક્ષામાં બેસીને પ્રાઈવેટ વાહન મારફતે ભાભર જવાની ફરજ પડી હતી. પરંતુ ભાભરથી પરત ફરીને દિવ્યાંગ વિક્રમભાઈ માળી દ્વારા એસ.ટી. ડેપોમાં આવીને વોચમેન તેમજ અન્ય એક શખ્સ સામે તપાસ કરાવીને કાયદેસરની કાર્યવાહી કરવા એસ.ટી. ડેપો મેનેજરને લેખિતમાં રજૂઆત કરી હતી અને ભારે રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે મને ડીસા ડેપોમાં વારંવાર હેરાન પરેશાન કરવામાં આવે છે અને ત્રણ વખત મારી સાથે આવા બનાવો બની ચુક્યા છે. એસ.ટી. ડેપોમાં દિવ્યાંગો સાથે જાણી જોઈને ઓરમાયું વર્તન કરવામાં આવે છે જેને લઈને ભારે રોષ વ્યક્ત કર્યો હતો અને રાજ્ય સરકાર તેમજ જિલ્લા કલેક્ટરને પણ દિવ્યાંગો સાથે અન્યાય બાબતે યોગ્ય પગલા ભરવામાં આવે તેમજ દિવ્યાંગોનું અપમાન કરનાર આવા ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી હતી.

# ડીસા વિશ્વ હિન્દુ પરિષદ અને પ્રખંડ બજરંગદળ દ્વારા રામ જન્મભૂમિ નિર્ણયના વધામણા

ડીસા, તા. ૬

નવમી નવેમ્બર ૨૦૧૯ના રોજ અયોધ્યાની રામ જન્મભૂમિ પર સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ જેના કાણે આખા દેશમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે અને ઠેર ઠેર આ નિર્ણયને વધાવવામાં આવી રહ્યો છે. જેના ભાગરૂપે ગતરોજ વિશ્વ હિન્દુ પરિષદ ડીસા પ્રખંડ અધ્યક્ષ જયેશભાઈ દેસાઈ, મંત્રી મહેન્દ્રભાઈ માળી, ઉપપ્રમુખ જયેશભાઈ સોની, આકાશભાઈ



હિન્દુ તરફી ઐતિહાસિક ચુકાદા બાદ ત્રણ માસની અંદર રામ જન્મભૂમિ મંદિર ટ્રસ્ટની રચના કરવાના આદેશ અનુસાર ૫ મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ ૧૫ સભ્યોના ટ્રસ્ટની રચનાને મંજૂરી આપવામાં આવી હતી અને આ ટ્રસ્ટનું નામ "શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર" આપવામાં આવ્યું હતું. હિન્દુ પરિષદ ડીસા પ્રખંડ (બજરંગદળ) દ્વારા આ ઐતિહાસિક નિર્ણયની ખુશીમાં સરદાર બાગ પાસે તેના કાર્યકરો દ્વારા ફટાકડા ફોડીને ખુશી વ્યક્ત કરવામાં આવી હતી.

આજના આ કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદ બનાસકાંઠા જિલ્લા ઉપાધ્યક્ષ અશોકભાઈ ખત્રી, વિશ્વ ધૈરવ (બજરંગદળ ઉપાધ્યક્ષ ડીસા) વિજયભાઈ ગાંધી (સામાજિક સમરસતા બનાસકાંઠા), દલપતભાઈ માળી, કિશોરભાઈ ચૌહાણ, બાબુભાઈ પરમાર સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહી ફટાકડા ફોડી આ નિર્ણયને વધાવવામાં આવ્યો હતો.

# હિંમતનગરની સ્ટેટ બેંકમાં કામ અર્થે આવેલા સલાલના રહીશ ઢળી પડ્યા

હિંમતનગર, તા. ૬

પ્રાંતિજ તાલુકાના સલાલ ગામના એક ૬૦ વર્ષીય ગૃહસ્થ ગુરૂવારે બપોરે હિંમતનગરની સ્ટેટ બેંકની શાખામાં કામ અર્થે આવ્યા હતા ત્યારે અચાનક તેમને હૃદયરોગનો હુમલો આવતા તેઓ તરત જ બેઠા હતા તે સ્થળે બેહોશ થઈને ઢળી પડ્યા હતા. ત્યારબાદ તરત જ તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે હિંમતનગર સિવિલમાં લઈ જવાયા હતા જ્યાં ફરજ પરના તબીબે તેમને તપાસી મૃત જાહેર કર્યા હતા.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગુરૂવારે બપોરે બે વાગ્યાના સુમારે પ્રાંતિજતાલુકાના સલાલ ગામે રહેતા રતીલાલ નાયક નામના ૬૦ વર્ષીય ગૃહસ્થ બેંકના કામ અર્થે હિંમતનગરના સિવિલ સર્કલ નજીક આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની શાખામાં આવીને બેંકમાં રખાયેલા સોફામાં બેઠા હતા. દરમ્યાન અચાનક તેમને છાતીમાં દુઃખાવો ઉપડતાની સાથે જ તેઓ સોફા પર સુઈ ગયા હતા.

તો બીજી તરફ બેંકમાં ઉપસ્થિત કર્મચારીઓ તથા બેંકના ખાતેદારો એકદમ શુ બન્યુ તે જાણવાની ઉત્સુકતા સાથે ભેગા થઈ ગયા હતા અને તરત જ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરીને બોલાવી લેવાઈ હતી. ત્યારબાદ રતિલાલ નાયકને તરત જ સારવાર માટે હિંમતનગર સિવિલમાં લઈ જવાયા હતા જ્યા ફરજ પરના તબીબે તેમને ડૉ. ઝંખનાબેને તપાસી મૃત જાહેર કર્યા હતા. અને તેમના પરીવારજનોને જાણ કરવાની તજવીજ હાથ ધરી હતી.

# શામળાજી ગ્રામ પંચાયત નજીક કાર ટ્રક કન્ટેનર વચ્ચે ગમખ્વાર અકસ્માત

## કારચાલકનું મોત, ચારને ગંભીર ઈજા

શામળાજી, તા. ૬

અરવલ્લી જિલ્લામાં અકસ્માતની ઘટનામાં સતત નોંધપાત્ર વધારો થવાની સાથે નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓ અકસ્માતમાં અકાળે મોતને ભેટી રહ્યા છે. અમદાવાદ-ઉદેપુર



ને.હા.-૮નું હાલમાં ૬ માર્ગીય કરવાનું કામકાજ ચાલી રહ્યુ છે. નેશનલ હાઈવે પર આડેધડ અપાયેલ ડાયવર્ઝનના પગલે અકસ્માતોની હારમાળા સર્જાઈ રહી છે. શામળાજી ગ્રામ પંચાયત નજીક કાર-ટ્રક કન્ટેનર વચ્ચે ગમખ્વાર અકસ્માત થતા કારના આગળના ભાગનો કડૂચલો બની જતા કારચાલક યુવકનુ મોત નીપજ્યું હતુ. કારમાં સવાર ચાર લોકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. અકસ્માતના પગલે ટ્રાફિકજામ સર્જાતા શામળાજી પોલીસ ઘટનાસ્થળે પહોંચી ટ્રાફિકજામ પૂર્વરત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બુધવારે મોડી રાત્રીએ ઈડર નજીક કૂવાનું ખોદકામ કરતા અને રાજસ્થાનના કોન્ટ્રાક્ટરની કારને શામળાજી નજીક અકસ્માત નડતા કારચાલક યુવકનું મોત નીપજ્યું હતુ. રાજસ્થાનના ભીલવાડા તાલુકાના ચૌહાનુકા ખેડા (લખા હોલી) ગામના કોન્ટ્રાક્ટરનું ઈડર નજીક કૂવાના ખોદકામની કામગીરી ચાલી રહી છે. ઈડરથી કોન્ટ્રાક્ટર તેમની વેગનઆર કાર (ગાડી નં. જીજે-૧-કેએ-૯૭૩૫) લઈ રાજસ્થાન પરત ફરી રહ્યા હતા. શામળાજી ગ્રામ પંચાયત નજીક હાઈવે પર રાજસ્થાન તરફથી પુરપાટ ઝડપે આવી રહેલા ટ્રક કન્ટેનર (ગાડી નં. આરજે-૨૭-જીડી-૧૭૨૮)ના ચાલકે કારને ધડાકાભેર ટક્કર મારતા કારચાલક યુવક ડિવલ પ્રતાપસિંહ રાઠોડના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન મોત નીપજ્યુ હતુ. કારમાં સવાર સુરેન્દ્રસિંહ સરવણસિંહ રાઠોડ, કિશનસિંહ ગોપસિંહ ચૌહાણ, જોધસિંહ ઉદેસિંહ ચૌહાણ અને દેવેન્દ્રસિંહ નંદસિંહ ચૌહાણના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા.

# મોડાસામાં આદિવાસી સમાજના ધરણા

## પરંપરાગત નૃત્ય સાથે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર

મોડાસા, તા. ૬

૨૩ જાન્યુઆરીથી ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આદિવાસીઓના ખોટા પ્રમાણપત્રો લઈ નોકરી કરનારને દૂર કરવાની માંગણી સાથે આદિવાસી સંગઠનો આંદોલન કરી રહ્યા છે અને હાલ ધરણા પર બેઠા છે. એલઆરડી ભરતીમાં અનામતમાં સમાવિષ્ઠ મહિલાઓને અન્યાય થતા ગેરબંધારણીય પરિપત્ર રદ કરવામાં આવેની માંગ સાથે ધરણા અને પ્રદર્શન કરવા છતાં રાજ્ય સરકાર ગંભીર નોંધ લેવામાં નિષ્ફળ રહેતા આદિવાસી સમાજ દ્વારા ગામડે ગામડે અને જિલ્લાકક્ષાએ આવેદનપત્ર આપવામાં આવી રહ્યા છે. જેમાં આદિવાસી સાંસદ, ધારાસભ્યો તેમજ વિવિધ પાર્ટીના નેતાઓનું સમર્થન મળી રહ્યું છે. ત્યારે અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં આદિવાસી સમાજના રાજેન્દ્ર પારધી, પી.સી. બરંડા સહિતના અગ્રણીઓએ અને આદિવાસી સમાજે ધરણા યોજી, પરંપરાગત નૃત્ય સાથે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી.





મોડાસામાં જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે નેસ વિસ્તારમાં રહેતા હોય તે સિવાયના રબારી, ભરવાડ અને ચારણ જાતિના લોકોને ખોટા પ્રમાણપત્રો રાજ્ય સરકારે આપ્યા હોવાનો આક્ષેપ કર્યો છે. આ સાથે ખોટા પ્રમાણપત્ર રદ કરવા અને લેનાર તથા આપનાર ઈસમો સામે ભરવાડ અને ચારણ જાતિઓની અનુસુચિત જનજાતિમાં સમાવેશ કરવામાં આવેલ છે. તેમને ઓબીસીમાં સમાવેશ કરવા ભારત સરકારમાં દરખાસ્ત કરવી અને ગુજરાત સરકાર દ્વારા જાતિ પ્રમાણપત્ર આપવા માટે કરવામાં આવેલ ગેરબંધારણીય તમામ ઠરાવો, પરિપત્રો મૂળ અસરથી રદ કરવામાં આવેની માંગ કરી હતી. તદુપરાંત એલઆરડી ભરતીમાં પણ આદીવાસી સમાજના ખોટા પ્રમાણપત્રો રજુ કરવામાં આવ્યા હોવાથી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા રજૂઆત કરી છે. આ સમગ્ર મામલે સાચા આધિવાસી અધિકાર બચાવો સમિતિ અને ગુજરાત આદિવાસી એકતા પરિષદ અને આદિવાસી સમાજ દ્વારા રોષ ઠાલવવામાં આવ્યો હતો.

### જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર પારધીના જણાવ્યા અનુસાર

છેલ્લા ઘણા વર્ષોથી સરકારની મીલીભગતથી ખોટા આદિવાસી પ્રમાણપત્રો મેળવી જે લોકો આદિવાસી નથી તે લોકો આધિવાસી સમાજનો હક્ક છીનવી રહ્યા છે. રાષ્ટ્રપતિએ આદિવાસી તરીકે ઘોષિત કર્યા જ નથી તેવા લોકો ભ્રષ્ટાચાર આદરી સરકારની મીલીભગત અને વિવિધ રાજકીય પક્ષો તેમની વોટબેન્ક સાચવવાની રાજનીતિના પગલે આ બની બેઠેલા આધિવાસી લોકો અભ્યાસ અને નોકરીક્ષેત્રે લાભ મેળવી રહ્યા હોવાથી મૂળભૂત આદિવાસી પોતાના બંધારમીય હક્કથી વંચિત રહી જાય છે. ખોટા આદિવાસી પ્રમાણપત્રો મેળવનાર લોકો સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવેની માંગ કરી હતી અને આદિવાસી સમાજના ન્યાય માટે મક્કમપણે લડાઈ યથાવત રહેશેનું જણાવ્યું હતું.

# રાજેન્દ્રનગર પાસે જયનાથ ગુરૂ રાજનાથ મહારાજે જંગલની જમીનમાં દબાણ કરાતા નોટીસ

હિંમતનગર, તા. ૬

હિંમતનગર તાલુકાના રાજેન્દ્રનગર નજીક આવેલ જંગલ જમીનના સર્વે નં. ૧૬૬ પૈકીમાં બાળસમુદ્રના નામે ઓળખાતા આ ધાર્મિક સ્થળે કેટલાક સમયથી જયનાથ ગુરૂરાજનાથ મહારાજ તથા જાનકીનાથ ગુરૂ અમરનાથ મહારાજે જંગલની અનામત જમીનમાં પરવાનગી વિના અનઅધિકૃત રીતે દબાણ કરાતા ગુરૂવારે જંગલ વિભાગના રાઉન્ડ ફોરેસ્ટર દ્વારા આ દબાણ દુર કરવા માટે નોટીસ આપી છે. આ નોટીસમાં રાજેન્દ્રનગરના તાબામાં આવતી જંગલ વિભાગની જમીનના રાઉન્ડ ફોરેસ્ટરના જણાવાયા મુજબ અનામત જંગલ સર્વે નં. ૧૬૬ પૈકીની જમીનમાં બાળ સમુદ્રના નામે ઓળખાતા સ્થળે છેલ્લા કેટલાક સમયથી દબાણ કરવામાં આવ્યું છે. જેના લીધે જંગલ વિભાગના નીયમોનું ઉલ્લઘન થઈ રહ્યું છે.

દરમ્યાન તાજેતરમાં રાઉન્ડ ફોરેસ્ટર બાળ સમુદ્ર વિસ્તારની મુલાકાત લેતા દબાણ કરાયું હોવાનું ધ્યાને આવ્યું હતું. જેથી આ રાઉન્ડ ફોરેસ્ટરે ઉચ્ચ અધિકારીઓને જાણ કર્યા બાદ નિયમ મજુબ બાળ સમુદ્રના સંચાલકોને સ્વખર્ચે દબાણ દૂર કરવા માટે તાકીદ કરી છે અને જો તેઓ નોટીસ અપાયા બાદ સત્વરે દબાણ દુર નહી કરે તો વનવિભાગ દ્વારા સરકારી રાહે તમામ મુદ્દામાલ કબજે લઈ તેમની વિરૂદ્ધ ભારતીય વન અધિનીયમ ૧૯૨૭ની જોગવાઈ અનુસાર કાયદેસરની કાર્યવાહી કરશે.

# પાલનપુર માર્કેટ યાર્ડમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમતાં આઠ સટોડીયા ઝડપાયા



પાલનપુર ખાતે નવા માર્કેટ યાર્ડની દુકાનમાં ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમાતો હોવાની બાતમીના આધારે પૂર્વ પોલીસની ટીમે ઓચિંતો છાપો માર્યો હતો. જ્યાં સટ્ટો રમી રહેલા આઠ સટોડીયાઓને પોલીસ ઝડપી લીધા હતા. જેમની પાસેથી રોકડ રકમ તેમજ વાહનો મળી કુલ ૩,૨૬,૭૦૦નો મુદ્દામાલ કબજે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આરોપીઓ શ્રીલંકા અને ઝિમ્બાબ્વે વચ્ચે ચાલતી ક્રિકેટની ટેસ્ટ મેચ પર સટ્ટો રમતા હતા. સટ્ટો રમવા માટે મોબાઈલમાં ગુગલ ક્રોમ બ્રાઉજર બનાવી રોયલ સ્પોર્ટબેટ ડો.કોમ વેબ સાઈટમાં નિતીન ન્યુ નામનું માસ્ટર યુજર આઈ. ડી. લોડીંગ કરવામાં આવ્યું હતું.


ઝડપાયેલા સટોડીયા (૧) પંકજભાઈ દેવભાઈ પ્રજાપતિ (ગાડલવાડા) (૨) નીતિનભાઈ કેશરભાઈ ચૌધરી (ગાડલવાડા) (૩) દર્શનભાઈ દિનેશભાઈ પટેલ (ચંગા, તા. વડગામ) (૪) હરિભાઈ રતુભાઈ ચૌધરી (ગાડલવાડા) (૫) હરેશભાઈ જીવરામભાઈ પ્રજાપતિ (ગાડલવાડા) (૬) રોહિતભાઈ રણછોડભાઈ પટેલ (ચંગવાડા) (૭) ગણેશભાઈ મુળજીભાઈ ચૌધરી (ગાડલવાડા) (૮) નરેશભાઈ શામળભાઈ ચૌધરી (પાટોસણ)ની ધરપકડ કરવામાં આવી છે.

# પાલનપુરમાંથી વડગામના પીલુચાનો શખ્સ ચોરીના હાર સાથે ઝડપાયો

પાલનપુર, તા. ૬

બનાસકાંઠા એલસીબીની ટીમે વડગામના પીલુચાના શખ્સને ચોરીના હાર સાથે ઝડપી લીધો હતો. જેણે આડેસરના ગાંગોદારથી રૂપિયા ૨.૨૮ લાખનો સોનાનો હાર ચોર્યો હતો. જેની સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.





બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક તરૂણ દુગ્ગલની સૂચનાથી બનાસકાંઠા એલસીબી ઈન્ચાર્જ પીઆઈ એન.એન. પરમાર સ્ટાફના પ્રવીણભાઈ, પ્રવિણસિંહ, દિગ્વિજયસિંહ, રમેશભાઈ તથા ડિટેક્શન ટીમના રાજુભાઈ સાથે પાલનપુર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન મળેલી બાતમીના આધારે નારાયણભાઈ ઉર્ફે નરેશભાઈ ઈશ્વરભાઈ શ્રીમાળી (રહે. પીલુચા, તા. વડગામ, જિ. બનાસકાંઠા)ને તેની પાસે એક પીળી ધાતુના પેન્ડલવાળા સોનાના હાર સાથે ઝડપી લીધો હતો. જેની પૂછતાછ કરતાં તેમે આડેસરના ગાંગોદારથી રૂપિયા ૨.૨૮ લાખનો સોનાનો હાર ચોર્યો હોવાની કબૂલાત કરી હતી. જેનો આડેસર પો.સ્ટે. પાર્ટ એ ગુ. ર. નં. ૦૬/૨૦૨૦ ઈ.પી.કો. ક. ૪૫૪, ૩૭૯ મુજબ દાખલ થયેલ છે. આ અંગે ૬૩ ગ્રામ ૨૬૦ મિલિગ્રામનો હાર કબ્જે લઈ પાલનપુર શહેર પશ્ચિમ પો.સ્ટે. ૪૧ (૧) ડી મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.